**ડિમાન્ડ પ્રોમિસરી નોટ (લોન એકાઉન્ટ નંબર ...... )**

**રૂપિયા ........./-** **તારીખ: ...........**

માંગણી થવા પર, હું ................... યુનિમની, કંપનીઝ એક્ટ 1956ની જોગવાઈ હેઠળ નોંધાયેલી એક કંપની, અથવા તેની ઓફિસ/શાખા........એ ઓર્ડરથી માસિક/ત્રિમાસિક/વાર્ષિક દરોએ વાર્ષિક -----%દરે, મૂલ્ય પ્રાપ્ત થવામાં કસૂર થવાના સંજોગમાં ચક્રવૃદ્ધિ દરે, આને લગતી તારીખથી વ્યાજની સાથે ................. રૂપિયાની રકમ ચુકવવાનું વચન આપું છું.

Signature Across the Stamp

Revenue Stamp Rs.1/-

**નામ અને સહી: .......**

## શરતો અને નિયમો

1. આ અંગે લોનધારક દ્વારા અમલમાં આવેલી ઉપર દર્શાવેલી ડિમાન્ડ પ્રોમિસરી નોટમાં લોનનો વ્યાજ દર ફિક્સ્ડ રહેશે. આ હેતુ માટે 360 દિવસોનું એક વર્ષ છે.

2. આ લોન મેળવવાનો હેતુ બિન કૃષિ છે. કંપની 22 કેરેટ શુદ્ધતાના આધારે ઘરેણાંનું મૂલ્ય નક્કી કરશે. જ્યાં ઘરેણાંની શુદ્ધતા 22 કેરેટ્સ કરતાં ઓછી હશે ત્યાં પ્રતિ ગ્રામ દીઠ દરની ગણતરી કરવા માટે 22 કેરેટ્સમાં રૂપાંતરિત કરવામાં આવશે અને કોઈ પણ સંજોગોમાં લોનની રકમ (એલટીવી) ગીરવે મૂકાયેલા સોનાના મૂલ્યના 75% કરતા વધુ ન હોવી જોઈએ. લોનની રકમ, સોનાનું વજન અને ગ્રામ દીઠ દરની બાબતમાં કંપનીનો નિર્ણય આરબીઆઈની માર્ગદર્શિકા અનુસાર છે અને તે આખરી રહેશે. લોનધારક દ્વારા પસંદ કરવામાં આવેલી યોજનાના આધારે, લોનનો સમયગાળો વિતરણની તારીખથી 3 થી 36 મહિનાનો રહેશે. યોજનાની વિશિષ્ટ શરતો ઉપરાંત, સામાન્ય શરતો પણ લોનધારકને બંધનકર્તા રહેશે.

3. કંપનીને લોનધારકની એવી કોઈ માહિતી મળે છે કે જેના દ્વારા કંપનીને શંકા છે કે લોનધારક દ્વારા વ્યાજ અથવા લોનની બાકી રકમ ચૂકવવામાં ન આવે એવી શક્યતા છે, તો કંપની લોનની અવધિ દરમ્યાન કોઈ પણ સમયે વાજબી સૂચના આપીને માંગવાની થતી તમામ રકમ સાથેની લોન પાછી ખેંચી લેવાનો અથવા પુન:ચુકવણીને ઝડપી બનાવવાનો અધિકાર ધરાવે છે. જો લોનધારક આપવામાં આવેલા દિવસોમાં બાકી રહેલી ચૂકવણી કરવામાં નિષ્ફળ જશે, તો ઘરેણાંને હરાજી દ્વારા વેચી દેવામાં આવશે.

4. ગીરવે/વિતરણ વખતે આપવામાં આવેલી ગોલ્ડ લોનની મૂળ રસીદને લોન બંધ કરતી વખતે શાખાને ફરજિયાત રીતે સોંપવાની રહેશે, તેના વિના ઘરેણાં મુક્ત કરવામાં નહિ આવે. જો આ મૂળ રસીદ ખોવાઈ જાય, તો લોનધારકે તરત જ કંપનીને લેખિતમાં જાણ કરવી જોઈએ. ફક્ત લોનધારક અથવા તેનો અધિકૃત પ્રતિનિધિ જ ઘરેણાં છોડાવી શકે છે, જ્યારે તેઓ શાખાને લોનની મૂળ રસીદ સોંપશે અને લેવાની નીકળતી બધી રકમ સંપૂર્ણ ભરપાઇ કરી દેશે.

5. કંપની તમામ ચુકવણીઓ અને રસીદો માટે ફક્ત સિસ્ટમ જનરેટેડ રસીદો જ જારી કરે છે અને કોઈ પણ પ્રકારની ચુકવણીઓ અથવા રસીદ માટે મેન્યુઅલ રસીદ જારી કરવામાં આવતી નથી. શાખાની બહારની ચૂકવણીના કિસ્સામાં, ચુકવણીની પુષ્ટિ કરતો એસએમએસ લોનધારકના નોંધાયેલા મોબાઇલ નંબર પર તરત જ મોકલવામાં આવશે.

6. કંપનીએ ખર્ચાઓ અથવા વ્યાજ દર સહિતના હાલના કોઇપણ નિયમો અને શરતોમાં સુધારો કરવાનો અને/અથવા કોઈપણ નવા ખર્ચાઓ/ફીસ (સંભવિત રૂપે લાગુ પડતા) લોનધારકના ખાતામાં દાખલ કરવાનો અધિકાર અનામત રાખે છે. **આ અંગેની જાણ લોનધારકને (તેના દ્વારા સમજાતી ભાષામાં) એસએમએસ અથવા ઇમેઇલ મારફત તે મોબાઇલ નંબર અને ઇમેઇલ આઇડી પર કરવામાં આવશે, જેમને લોનધારક દ્વારા લોન પ્રાપ્ત કરતી વખતે કંપનીને પૂરા પાડવામાં આવ્યા છે. આવી માહિતીને મોકલ્યાના 7 દિવસની અંદર કોઇ વિવાદ ન થાય તો, વિતરિત, કબૂલ કરેલી અને સ્વીકૃત માનવામાં આવશે**. પૂરા પાડવામાં આવેલા ફોન નંબર/ઇમેઇલ આઈડી/સરનામાના કોઈપણ ફેરફારની કંપનીને લેખિતમાં જાણ કરવી જોઈએ, જો એવું કરવામાં નહિ આવે તો, આવી કોઈ જાણકારી નહિ મળવા માટે કંપની જવાબદાર રહેશે નહિ.

7. વ્યાજનો દર યુનિમનીના વ્યાજ દર મોડલ મારફત નક્કી કરવામાં આવે છે, જેમાં ભંડોળનો ખર્ચ, સોદાકીય ખર્ચ, રિસ્ક પ્રીમિયમ અને સંભવિત લઘતમ રીટર્ન ઓન ઇક્વિટી જેવા વિવિધ પરિબળોને ગણતરીમાં લેવાય છે. અમે જોખમના ગ્રેડેશન માટે એક વ્યાપક

અભિગમ અપનાવીએ છીએ જે લોનધારકોના વર્ગો વચ્ચે કોઇ ભેદભાવ રાખતો નથી, પરંતુ વ્યાજ દરને દરેક લોનને અનુરૂપ બનાવે છે.

8. જો લોનધારક લોનના નિયત સમયગાળામાં વ્યાજ અને અન્ય ખર્ચા સાથે લોન ભરપાઇ કરવામાં નિષ્ફળ જાય, તો તે/તેણી કંપનીને ઘરેણાં સામે કાર્યવાહી કરવા માટે અધિકૃત કરે છે. કંપની હરાજી કરતાં પહેલાં લોનધારકને બાકી નીકળતી રકમની પતાવટ કરવાની વિનંતી કરતી એક રજિસ્ટર્ડ નોટિસ મોકલશે, તે પછી સમાચારપત્રમાં પ્રકાશિત કરવામાં આવશે. કંપનીના અધિકૃત કર્મચારીઓ દ્વારા કાર્યવાહી કરવામાં આવશે. હરાજી પછી ખૂટતી કોઈ પણ રકમના કિસ્સામાં, લોનધારક ખૂટતી રકમ કંપનીને ચૂકવવા સંમત થાય છે, એવું નહિ થાય તો, કંપનીને આવી ખૂટતી રકમ વસૂલવા માટે લોનધારક સામે કાનૂની કાર્યવાહી કરવાનો અધિકાર રહેશે. લોનધારક રજિસ્ટર્ડ નોટિસ દીઠ રૂ. 50 પ્રમાણે નોટિસનો ખર્ચ ચૂકવશે.

9. લોનધારકને માર્જિન પૂરું કરવા 7 દિવસનો સમય આપીને, જેને ઉચિત સમય તરીકે લોનધારક સંમત કરે છે, કંપની હરાજી કરવાનું શરૂ કરશે. ઓછામાં ઓછા બે સમાચારપત્રોમાં જાહેરાત આપીને લોકોને હરાજીની જાહેરાત કરવામાં આવશે, જેમાં ઓછામાં ઓછું એક અખબાર સ્થાનિક ભાષાનું હશે અને બીજું રાષ્ટ્રીય દૈનિક અખબાર હશે.

10. જ્યાં સુધી લોનધારક પાસેથી કંપનીને લેવાની નીકળતી બાકી લોન છે ત્યાં સુધી, કંપની લોનધારકને કંપનીમાં લોનની રકમનું 25% માર્જિન બધા સમયે જાળવવાનું આવશ્યક બનાવે છે અથવા જાળવી રાખવા પ્રેરે છે. કૉલૅટરલના મૂલ્યની ગણતરી સંબંધિત કૉલૅટરલની બજાર કિંમત પર આધારિત હશે. લોનધારક સંમત થાય છે કે કંપની માર્જિન/કોલેટરલ ઉપલબ્ધ કરાવવાની તારીખ અને સમય સૂચવશે અને માર્જિન/કૉલૅટરલની સમયમર્યાદા પૂરી થયા પછી કંપની કોઈ પણ સ્વરૂપમાં કોઈ પણ ચુકવણી સ્વીકારવાનો ઇન્કાર કરી શકે છે.

11. ફકરા ક્રમાંક 8માં જે કઇં છે તેમ છતાં, જો માર્જીન 20%થી નીચે જશે તો, કંપની સમયમર્યાદા પૂરી નહિ થઇ હોય તો પણ, નજીકના ભવિષ્યમાં કોઈપણ સમયે જાહેર કાર્યવાહી કરવાનો અથવા ખાનગી વ્યવસ્થા દ્વારા ઘરેણાંને વેચવાનો અધિકાર અનામત રાખે છે. લોનધારકને માર્જિન પૂરું કરવા 7 દિવસનો સમય આપીને, જેને ઉચિત સમય તરીકે લોનધારક સંમત કરે છે, કંપની હરાજી કરવાનું શરૂ કરશે.

12. ગીરવે મૂકેલું ઝવેરાત એ લોનધારકની સંપૂર્ણ મિલકત છે, અન્ય કોઇ વ્યક્તિનો તેના પર કોઈ હક, રસ અથવા દાવો નથી અને લોનધારક તેમને ગીરવે મૂકવાનો સંપૂર્ણ અધિકાર ધરાવે છે. ઝવેરાતના કાયદેસરના હકમાં કોઈ ખામી હોય તેવા પ્રસંગે લોનધારક કંપનીને તમામ નુકસાન, ખર્ચ અને પરિણામોની ભરપાઇ કરવાની ખાત્રી આપશે.

13. કંપની સોનાના ઘરેણાં (ગીરવે મૂકેલી જામીનગીરી) સાથે તમારી લોન પરના તેના સંપૂર્ણ અધિકારને કોઇપણ એડવાન્સીસ/લોન્સને પ્રાપ્ત કરવાના હેતુ માટે કોઇ પણ વ્યક્તિ/કંપની/બેન્કો/નાણાકીય સંસ્થાને તબદિલ કરવા, ગીરવે મૂકવા, વેચવા કે સોંપવાનો હક અનામત રાખે છે અને લોનધારક તેનાથી વાકેફ છે અને આ સાથે વિના વિરોધ તે સંમતિ આપે છે.

14. આ સાથે લોનધારક કંપનીને આ લોન માટે જામીન તરીકે આપવામાં આવેલા સોનાના ઘરેણાં અંતર્ગત ઓપ્શન કોન્ટ્રાક્ટ્સ લઇને કિંમતના જોખમને ગીરવે મૂકવાની સત્તા આપે છે અને ઓપ્શન કોન્ટ્રાક્ટના સંદર્ભમાં સંબંધિત પ્રમાણસર પ્રીમિયમ ચૂકવવા સંમત થાય છે.

15. ગીરવે મૂકાયેલા બધા ઘરેણાંનો કંપની દ્વારા વીમો લેવામાં આવે છે. જો કે, ઘરેણાંની ચોક્કસ ગુણવત્તા અથવા ઘડામણના લીધે, કોઈ નુકસાન થાય તો કંપની જવાબદાર રહેશે નહિ. જો કે, કંપની અથવા તેના કર્મચારીઓની બેદરકારીને લીધે આવું થાય તો કંપની તમામ જવાબદારી લે છે.

16. કંપની પાસે લોન જે સમયગાળા માટે મંજૂર કરવામાં આવી છે તેની સમાપ્તિ પહેલાં કોઈપણ સમયે લોન પાછી ખેંચવાનો અધિકાર હશે, જેમાં તથ્યોની ખોટી રજૂઆત દ્વારા લોન લેવામાં આવી છે એવા કંપનીના અભિપ્રાયનો સમાવેશ થાય છે. તેથી તેની માંગ છે કે લોનધારકે વ્યાજ સાથે આખી લોનની પતાવટ કરવાની રહેશે અને ગીરવે મૂકેલું સોનું છોડાવવાનું રહેશે.

17. લોનધારક વધુમાં સંમત થાય છે કે તેને લોનની વિગતો સહિતની તમામ શરતો બંધનકર્તા રહેશે અને ચુકવણીમાં કસૂર થશે અને/અથવા નિયમો અને શરતોનો ભંગ થશે તો તેવા પ્રસંગે યુનિમનીને કાયદાની અદાલત અથવા અન્ય કોઇ યોગ્ય મંચ પાસેથી નિવારણ કરવાનો અધિકાર રહેશે.

18. લોનધારક વહીવટી ખર્ચાઓ, વ્યાજ કર, સર્વિસ ટેક્સ ડ્યુટીઝ (સ્ટેમ્પ ડ્યુટી સહિત), જીએસટી અને વેરાઓ (સરકાર દ્વારા અથવા અન્ય કોઇ સત્તાધિકાર દ્વારા સમયાંતરે લેવામાં આવી શકે છે એવા વર્ણનમાંથી કોઇપણ) અને (એ) લોનની મંજૂરી અને પુનઃચુકવણી માટેની અરજી, (બી) વ્યાજ સાથે લોનની વસૂલાત અને પુનઃપ્રાપ્તિ, (સી) જામીનગીરીના અમલીકરણ, (ડી) તમામ બાકી વેરાઓ અને જામીનની બાબતમાં અને જામીન પરના વીમાના સંદર્ભમાં સરકારની વસૂલાતો અને અન્ય ખર્ચાઓની સાથે જોડાયેલા જે પણ હોય તે અન્ય તમામ ખર્ચાઓ ભાગવશે, ચુકવશે અને બધા ખર્ચા ભરપાઇ કરશે.

19. મુદત વીતી ગઇ હોય એવા બધા ખાતાઓ પર બાકી રહેલી મૂડી પર ચક્રવૃદ્ધિ વ્યાજ લેવામાં આવશે. કંપની તેની પોતાની મરજીથી ગમે ત્યારે દંડનીય વ્યાજ દરમાં ફેરફાર અથવા સુધારો કરવાનો હક અનામત રાખે છે.

20. લોનધારક લેવામાં આવેલી અને/અથવા લેવામાં આવનારી કોઇપણ ધિરાણ સુવિધા/લોન્સને લગતી તમામ/કોઈ પણ માહિતી અને/અથવા ડેટા કંપનીના સહયોગીઓ, ક્રેડિટ બ્યુરો, ક્રેડિટ રેટિંગ એજન્સીઓ, બેન્કો, નાણાકીય સંસ્થાઓ, નોન-બેન્કિંગ નાણાકીય સંસ્થાઓ, ડેટા બેન્ક કે કોઇ પણ સરકારી અથવા નિયમનકારી સત્તાઓ/સંસ્થાઓ/વિભાગોને કાનૂની અને/અથવા નિયમનકારી આવશ્યતાઓના હેતુ માટે જાહેર કરવા અને પૂરા પાડવાની કંપનીને સત્તા આપે છે.

21. અરજી ફોર્મમાં પૂરું પાડવામાં આવેલું સરનામું બધા સંદેશાવ્યવહારો માટેનું સરનામું રહેશે. સરનામામાં થતા કોઈપણ ફેરફારની લેખિતમાં જાણ કરવી અને તે કંપનીની પહોંચ હેઠળ હોય તે જરૂરી છે.

22. કંપની લોનધારકો સાથે નીચેની સહિતની પણ મર્યાદિત નહિ એવી કોઈ પણ એક અથવા વધુ રીતોથી ટપાલ/કુરિયર/રજિસ્ટર્ડ એ.ડી./ઇમેઇલ/ટેલિકમ્યુનિકેશન/એસએમએસ દ્વારા સંદેશાવ્યવહાર કરી શકે છે. લોનધારક કબૂલ કરે છે અને સંમત થાય છે કે એકવાર કંપનીએ આ પ્રકારનો સંદેશાવ્યવહાર કર્યો છે, પછી તેને લોનધારક દ્વારા સ્વીકારવામાં આવ્યો છે તેમ સંપૂર્ણ હોવાનું માનવામાં આવશે અને લોનધારક રસીદ મળવામાં વિલંબ, સરનામા/નંબરમાં ફેરફાર અથવા રસીદ ન મળવા સહિતના કોઈ પણ કારણોસર ક્યારેય તેને પડકારશે નહિ.

23. લોનધારક પુષ્ટિ આપે છે કે આ લોન દ્વારા પ્રાપ્ત થયેલા ભંડોળનો ઉપયોગ પ્રાથમિક સોનું, ગોલ્ડ બુલિયન, સોનાનાં ઘરેણાં, સોનાના સિક્કા, ગોલ્ડ એક્સ્ચેન્જ ટ્રેડેડ ફંડ્સ (ઇટીએફ)ના યુનિટ્સ અને ગોલ્ડ મ્યુચ્યુઅલના યુનિટ્સ સહિતના કોઈ પણ સ્વરૂપમાં સોનાની ખરીદી માટે થશે નહિ.

24. લોનધારકને વ્યાજની ચુકવણી યાદ કરાવવા માટે અને/અથવા કંપનીની અન્ય કોઈ પણ અન્ય પ્રોડક્ટ્સ વિશેના એસએમએસ/કૉલ મેળવવામાં વાંધો નથી.

25. લોનધારક વાકેફ છે કે કંપનીએ ધિરાણ કરવા માટે બેન્કો/નાણાકીય સંસ્થાઓ પાસેથી સહાય મેળવી છે. કંપની દ્વારા સ્પષ્ટપણે અધિકૃત કરવામાં આવી શકે છે તેમ, લોનધારક આથી આવી બેન્ક/નાણાકીય સંસ્થાઓને બાકી રકમો આ બેન્ક/નાણાકીય સંસ્થાઓ તરફથી આ અંગેની કોઈ નોટિસ મળ્યા બાદ સીધી જ ચુકવી દેવા સંમત થાય છે અને આ ચુકવણી લોનધારકના કંપનીને ચુકવણી કરવાના બંધનમાંથી છૂટકારાનો ભાગ હશે.

26. લોનને મંજૂર કરીને કંપની એવી કોઇ પુષ્ટિ આપતી નથી કે એવું સ્વીકારતી નથી કે ગીરવે મૂકેલાં ઘરેણાં શુદ્ધ 22 કેરેટ છે. કંપની યોગ્ય પદ્ધતિઓ દ્વારા સ્વતંત્ર રીતે ઘરેણાંની શુદ્ધતાનું મૂલ્યાંકન કરવા મુક્ત હશે અને જો કોઈ પણ સમયે કંપનીને લાગે છે કે ગીરવે મૂકાયેલા ઘરેણાંની શુદ્ધતા ઓછી છે અથવા ગંભીર પ્રકારનાં છે, તો કંપનીના આવા તારણો લોનધારકને બંધનકર્તા છે અને લોન અને વ્યાજ તરત ચુકવી દેવા અને કંપનીને નુકસાનમાંથી બચાવવા માટે જવાબદાર છે, જો એમ કરવામાં નિષ્ફળ રહેશે તો કંપનીને આવી ખોટ વસૂલવા માટે યોગ્ય કાનૂની કાર્યવાહી શરૂ કરવાનો અધિકાર છે.

27. લોનધારક રજૂઆત કરે છે અને પુષ્ટિ આપે છે કે લોનના દસ્તાવેજની માહિતીસામગ્રી અને લોન લેવાના સંબંધિત અન્ય તમામ દસ્તાવેજોની માહિતી સામગ્રીને તેને/તેણીને સમજાતી ભાષામાં તેને/તેણીને વાંચવામાં અને સમજાવવામાં આવી છે.

28 .લોનધારક પુષ્ટિ આપે છે કે જણાવેલી લોનના નિયમો અને શરતોની નકલ તેને પ્રાપ્ત થઇ છે.

29 .આથી, હું સંમત થાઉં છું કે યુનિમની આ લોન દસ્તાવેજોના નિયમો અને શરતોમાં તેને યોગ્ય લાગે ત્યારે સુધારો કરવા માટે અધિકૃત છે અને તદનુસાર યુનિમની દ્વારા મને તેની જાણ કરવામાં આવશે.

30. લોનધારક જો તેની લોન વહેલી બંધ કરે છે તો બાકી રહેલી મૂડીના 0.25% જેટલો ફોરક્લોઝ ચાર્જ વસૂલ કરવામાં આવશે.

31. આ સાથે, લોનધારક તેના દ્વારા મેળવવામાં આવેલી લોન સુવિધાને લગતી કોઇ પણ માહિતી કે ડેટા ક્રેડિટ ઇન્ફોર્મેશન બ્યુરો (ઈન્ડિયા) લિમિટેડ અને/અથવા આરબીઆઈ અથવા અન્ય કાનૂની સંસ્થાઓ દ્વારા આ વતી અધિકૃત અન્ય કોઈ એજન્સીને જાહેર કરવા માટે કંપનીની મંજૂરી આપે છે. લોનધારક વાકેફ છે કે આવી એજન્સીઓ આવી માહિતી તેમના દ્વારા યોગ્ય લાગે તે રીતે વહેંચી શકે છે અથવા ઉપયોગ કરી શકે છે.

૩૨ . આ લોનને કારણે ઉદ્ભવતા કોઈ પણ વિવાદને ધી આર્બિટ્રેશન એન્ડ કન્સિલિએશન ઍક્ટ, 1996ની જોગવાઈઓ અનુસાર, કંપની દ્વારા નિયુક્ત એકમાત્ર આર્બિટ્રેટરને મોકલવામાં આવશે. આર્બિટ્રેશનનું સ્થળ એર્નાકુલમ રહેશે . આ કામકાજ એર્નાકુલમની અદાલતોના વિશિષ્ટ અધિકારક્ષેત્રને આધિન રહેશે .

**33. મુદત પૂરી થયેલા કેસોમાં મુદ્દલ પર 11.88% દંડનીય વ્યાજ લોન બંધ થવાની તારીખ સુધી વસૂલ કરવામાં આવશે.**

**34. બધા ડિફોલ્ટ ગ્રાહકો માટે નિયત તારીખ પછી દૈનિક ધોરણે વાર્ષિક 3.6% દંડનીય વ્યાજ લાગુ પડશે.**

**35.** મેં લોનના નિયમો અને શરતોને સંપૂર્ણ રીતે વાંચ્યા અને સમજ્યા છે અને તેમનો સ્વીકાર કર્યો છે, જેની નકલ મને પૂરી પાડવામાં આવી છે. હું જાહેર કરું છું કે ઉપરોક્ત ઘરેણાં મારાં પોતાનાં છે. ઘરેણાંમાં જો કોઇ પથ્થરો જડેલા છે તો તેમનું કોઈ બજાર મૂલ્ય નથી. હું તેની શરતોની અંદર વ્યાજ સાથે લોન ભરપાઇ કરવા સંમત થાઉં છું. ઉપરોક્ત તમામ નિયમો અને શરતો મને સમજાવવામાં આવ્યા છે અને મારા દ્વારા સ્વીકારવામાં આવ્યા છે.

**36.** લોન માટે લાગુ પડતો ન્યાયી વ્યવહારનો કાયદો કંપનીની વેબસાઇટ: www.unimoni.in પર ઉપલબ્ધ છે.

**સ્થળ:** **ગ્રાહકની સહી: .........**

**તારીખ:**